GJVL030012842022

દાખલ તારીખ :– ૦૬/૦૫/૨૦૨૨
રજુ તારીખ :– ૦૬/૦૫/૨૦૨૨
ફેસલ તારીખ :– ૧૨/૦૮/૨૦૨૬
સમય :–દિવસ :૬, માસ :૩,વર્ષ: ૪

---

**બીજા અધિક જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ,**
**તા. પારડી, જી. વલસાડ**

---

ફો. કેસ નં.૧૧૮૧/૨૦૨૨

આંક :–

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> :– ઓમપ્રકાશ ગયારામ પ્રજાપતિ
રહે. હાલ રેંટલાવ હનુમાન મંદિર કમલેશભાઈની ચાલી
રૂમ નં.૩ ઉદવાડા, આર.એસ., તા.પારડી, જી.વલસાડ,
મુળ રહે. કુંદેરામપુર, તા.બિરનઈ થાના.ચાંદપુર, જી.ફતેપુર, યુ.પી.

[આંક–૧ તળે સદર આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]

---

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એઈ,૯૮(૨)મુજબ.

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલ
આરોપી તર્ફે : સી.આર.પી.સી.ક. ૨૯૯ મુજબ હુકમ થયેલ છે.

---

**–: ચુકાદો :–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૮/૦૯/૨૦૨૦ ના રોજ કલાક.૧૨/૪૫ વાગ્યાના સુમારે મોજે.કલસર પાતલીયા ચેક પોસ્ટ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના કબજાના થેલામાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બાટલીઓ નંગ–૬૦ કિં.રૂા. ૩,૦૦૦/–ના મતાનો પ્રોહી મુદામાલ વગર પાસ પરમીટે રાખી લઈ આવતા પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એઈ,૯૮(૨) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદાર તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ.

(૨) હાલના કામે તપાસ સંસ્થા દ્વારા આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર નહિ રહેતાં આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૩) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ રમેશભાઈ ગંગારામ પટેલની જુબાની | ૦૩ |
| ૦૨ | પંચનામું | ૦૪ |
| ૦૩ | પંચ સલીમમીયા આમીરમીયા શેખની જુબાની | ૦૫ |

(૪) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તર્ફે આરોપી વિરૂધ્ધ રજુ પુરાવો દયાને લેતા ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો હોય

આરોપીઓનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ વિરુધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલની દલીલો સાંભળી. જેમાં ફરીયાદ પક્ષે આરોપીને મહતમ સજા ફરમાવવા માટેની દલીલો રજુ કરેલ છે. જયારે બચાવ પક્ષે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળી. તેઓએ મુખ્યત્વે એવી દલીલો કરેલી છે કે, ફરીયાદ પક્ષના કહેવાતા મુખ્ય સાહેદોએ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ નથી. જેથી તેવા સંજોગોમાં આરોપીઓ સામે નિ:શંક પણે કેસ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોય,જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટેની દલીલો કરેલ છે.

(૭) ઉપરોકત હકીકતોને દયાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૮/૦૯/૨૦૨૦ ના રોજ કલાક.૧૨/૪૫ વાગ્યાના સુમારે મોજે.કલસર પાતલીયા ચેક પોસ્ટ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના કબજાના થેલામાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બાટલીઓ નંગ–૬૦ કિં.રૂા. ૩,૦૦૦/–ના મતાનો પ્રોહી મુદામાલ વગર પાસ પરમીટે રાખી લઈ આવતા પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એઈ,૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદદા નં. ૧.નકારમાં.

મુદદા નં. ૨.આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**<u>મુદ્દા નં.૧</u>**

(૯) હાલના કામે આરોપીસામે આક્ષેપિત ગુનાના તત્વો અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક–૦૩ તથા આંક–૦૫ થી રજુ પંચ સાહેદની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે અને હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદ છે,પરંતુ હાલના કામે તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે આંક–૦૪ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સીવાય પંચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી.

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો,સંજોગો તથા રેકર્ડ દયાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનુ તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિદધાંત મુજબ આરોપીને મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

(૧૧) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શકયા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ તમામ હકીકતો દયાને રાખતા આરોપીઓ વિરુદધનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદદા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૨) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી. હાલના કામે તપાસ સંસ્થા દ્વારા આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ચાલી જતા અને કેસ ચુકાદાના તબક્કે આવતા આરોપી અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૧૮/૧૬ ને ધ્યાને લઇને, આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આરોપી ઓમપ્રકાશ ગયારામ પ્રજાપતિ રહે. હાલ રેંટલાવ હનુમાન મંદિર કમલેશભાઈની ચાલી રૂમ નં.૩ ઉદવાડા, આર.એસ., તા.પારડી, જી.વલસાડ, મુળ રહે. કુંદેરામપુર, તા.બિરનઈ થાના.ચાંદપુર, જી.ફતેપુર, યુ.પી.નાઓને ક્રિ.પો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૨, માહે :ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૨/ ૦૮ /૨૦૨૬

સ્થળ : પારડી

**(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**

બીજા અધિક જયુડી. મેજી.ફર્સ્ટ કલાસ
તા. પારડી, જી. વલસાડ
**CODE NO.GJ 01743**

એલ.વી.પરમાર